# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨ - ૨૧૩, ફેક્સ : ૨૬૫૭૯૫૮૯

Web : www.gujaratcongress.org • E-mail ID : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૨૦-૯-૨૦૧૩**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ આજે ગુજરાત ખેડૂતોના પાક વીમાના પ્રશ્ને રાજ્ય સરકારે કુલ ૫ લાખ ૯૬ હજાર ખેડૂતોએ મગફળી, એરંડા, બાજરી, મકાઈ અને કમોદના કુલ ૧૪ લાખ ૧૨ હજાર ૫૩૦ હેક્ટરના વાવેતરનો ૩૪૯૨ કરોડ ધીરાણ પાક વીમો ઉતરાવેલો તેની સામે રાજ્ય સરકારે માત્ર ૮,૦૮,૨૯૧ હેક્ટરનનું જ વાવેતર થયું છે તેવું ખોટુ પાણી પત્રક બનાવીને વીમા કંપનીને આપતાં ખેડૂતોને મળવાપાત્ર રૂા. ૨૮૨૮ કરોડના પાક વીમાની રકમની સામે માત્ર રૂા. ૧૬૦૮ કરોડનો વીમો મળવાનો છે. રાજ્ય સરકારે પત્રો લખીને આ રકમમાં સહમતી આપવાને બદલે વ્યક્તિગત ધોરણે વીમો ચુકવવાનો આગ્રહ રાખતાં આ રકમમાં પણ મોટો ઘટાડો થવાની શક્યતા ઉભી થઈ છે.

શ્રી અર્જુન મોઢવાડીયાએ આજે પત્રકાર પરિષદમાં રાજ્ય સરકારના કૃષિ વિભાગે કૃષિ વીમા નિગમને પુરાં પાડેલ પાકના ઉત્પાદનના આંકડાઓ તથા પાકના વાવેતરનાં આંકડાઓના માહિતી અધિકાર કાનુન હેઠળ મળેલાં પત્રકો આપીને રાજ્ય સરકારે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રના મગફળી પકવતા ખેડૂતોને કેટલુ જબરજસ્ત નુકશાન થયું છે તેની સિલસિલાબંધ હકિક્તો બહાર પાડી હતી. સૌરાષ્ટ્રમાં મગફળીનું વાવેતર કરતાં ખેડુતો કે જે અમરેલીમાં કુલ ૨૭૧૨૫૯.૦૪ હેક્ટર સામે રાજ્ય સરકારે માત્ર ૮૩૦૬૧ હેક્ટર વિસ્તાર દર્શાવ્યો છે. ભાવનગરમાં ૬૦૨૪૪.૭૬ હેક્ટર સામે ૩૫૪૯૦ હેક્ટર જમીનનુ વાવેતર રજુ કર્યું છે, જામનગરમાં ૩૦૧૭૩૨.૧૩ હેક્ટર સામે ૧૮૩૨૨૬ હેક્ટર, જુનાગઢમાં ૧૦૮૭૧૭.૧૦ હેક્ટર સામે ૮૫૩૦૦ હેક્ટર અને પોરબંદરમાં ૨૧૦૫૭.૯૩ સામે ૧૧૬૦૦ હેક્ટર અને રાજકોટ જીલ્લામાં ૫૧૩૮૯૦.૭૯ હેક્ટર સામે ૩૧૬૦૦૩ હેક્ટર ની વિગતો આપીને ખેડૂતોને ભારે નુકસાન કર્યું છે. આજ રીતે ઉત્તર ગુજરાતમાં બાજરો, એરંડા વગેરે પાકમાં પણ ભાજપ સરકારે ખેડુતોને ભારે નુકસાન કરતાં આંકડાઓ રજુ કર્યા છે.

શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વારંવાર ખેડૂતોને ગેરમાર્ગે દોરવા માટે ભારત સરકાર ઉપર દોષનો ટોપલો નાખી રહી હતી પરંતુ રાજ્ય સરકારે સુચનાઓ આપીને વાવેતર વિસ્તાર ઓછો બતાવવાનો આગ્રહ રાખતાં સાથેની જણાવેલ વિગતો મુજબ તાલુકાવાર ખુબજ ઓછો વાવેતર વિસ્તાર બતાવેલ છે. રાષ્ટ્રિય કૃષિ વીમા યોજનાની સ્કીમ મુજબ તથા ગુજરાત સરકારના તા. ૭-૫-૨૦૧૨ના પરિપત્ર મુજબ કૃષિ વીમા કોર્પોરેશને દાવાઓની પતાવટ કરવાની રહે છે. ટાટા કંપનીએ ૨૨૦૦ કરોડના મુડીરોકાણ સામે ૨૨ હજાર કરોડની રાહત આપનાર નરેન્દ્ર મોદીની સરકારે ખેડૂતોના ૧૪ લાખ ૯૬ હજાર હેક્ટરના વાવેતર સામે માત્ર ૮ લાખ ૮ હજાર ૧૯૧ હેક્ટરનુ વાવેતરના ખોટાં આંકડા બતાવ્યાં ખેડૂતોને રૂા. ૨૮૨૮ કરોડના પાક વીમાની સામે માત્ર રૂા. ૧૬૦૮ કરોડનો જ વીમો મળવા પાત્ર થાય છે. આ વીમાની રકમની ચુકવણાંઓ પણ રોકાવીને હવે વ્યક્તિગત ધોરણે ચુકવણું કરવાનો આગ્રહ રાખવાથી આ રકમ પણ બીજા ભાગની થઈ જાય તેમ છે.

શ્રી અર્જુન મોઢવાડીયાએ ખેડૂતોને તેમનાં હક્કનાં નાણાં મેળવવા માટે ખેડૂત આંદોલનની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકારે કૃષિ વિકાસદરનો પરપોટો ફુટી ન જાય તે માટે ખેડુતોને મોટુ નુકસાન કર્યું છે ત્યારે આગામી દીવસોમાં કોંગ્રેસપક્ષ દ્વારા ખેડૂતોને હક્કની પાક વીમા રકમ મળે અને ગુન્હાહીત ભાજપ સરકારની બેદરકારી, ખેડૂત વિરોધી માનસિક્તાને ખુલ્લી પાડવા ગામડા બંધનું એલાન અપાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
પ્રવક્તા